

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*ચૂંટણીમાં સરકારી તિજોરીમાંથી લ્હાણી થશે!*
*પ્રજાના પરિશ્રમના પૈસાની ખૂબ ધાણી થશે!*
*પાણી થશે પેટ્રોલનું સરકારી સફર બ્હાને -*
*બુદ્ધુ દેખાતી'તી પ્રજા એક દિ' માટે શાણી થશે...*

હાઈકુ

*હવે થવાના,*
*આચાર સંહિતામાં -*
*જ દુરાચારો...*

*છે સૂલતાન!*
*મતદાર બિચારો -*
*એક દિન કા...*

### ચિંતન

*સ્વર્ગો ધનં વા ધાન્યં વા વિદ્યા પુત્રાઃ સુખાનિ ચ ।*
*ગુરુવૃત્ત્યનુરોધેન ન કિંચિદપિ દુર્લભમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વાલ્મિકી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

પોતાનાં માતા-પિતા અને ગુરુજનોની ઈચ્છા (આજ્ઞા) પ્રમાણે વર્તનારા મનુષ્યને સ્વર્ગ, ધન, ધાન્ય, વિદ્યા, પુત્ર તથા બીજાં પણ અનેક પ્રકારનાં સુખો-એમાંનું કાંઈ પણ દુર્લભ નથી.

રામચરિત માનસના લગભગ પૃષ્ઠે પૃષ્ઠે તુલસીદાસજીએ ગુરુ, માતા-પિતા, અને પિતૃઓનું મહાત્મય ગાયું છે. બધા ધર્મ ગ્રંથો પણ ગુરુ, માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા દઢ રીતે આદેશ આપે છે. તેમના આદેશ અને શુભ સંકલ્પથી તમામ પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- કૃતજ્ઞતાનો દૈનિક સમય એ એક નહેર જેવો છે. જેના મારફતે તમારા તરફ ધન સંપત્તિ આવશે - **ચાર્લ્સ ફિલમોર**
- ચારિત્ર્ય દરેક પ્રકારની યોગ્યતાનું પોષક તથા સહાયક છે - **જનકલ્યાણ**
- તમને દુશ્મન જોઈતા હોય તો તમારા મિત્રોથી ચઢિયાતા બનજો, તમને મિત્રો જોઈતા હોય તો તમારા મિત્રોને તમારા ઉપર સરસાઈ મેળવવા દેજો - **આખતોઈ**
- સંપૂર્ણ નિઃસ્વાર્થ ત્યાગ જ દિવ્યતા લાવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે જ્ઞાન મનને ચોખ્ખું કરે છે, એ જ જ્ઞાન છે બાકી તો અજ્ઞાન છે - **રામકૃષ્ણ પરમહંસ**
- ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ - **ગાંધીજી**
- આજનું ઔષધ : તુલસી, અરડૂસી, સૂરજમુખીના પાનનો રસ પીવાથી તાવ ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અબ્રાહ્મ લિંકન અમેરિકાની સંસદમાં પ્રથમ વખત ચૂંટાયા ત્યારે તેમને અભિનંદન આપવા માટે એમના નાનપણના મિત્ર એમના ઘરે ગયા. મિત્ર પહોંચ્યા ત્યારે લિંકન ઘરમાં પાળેલી ગાયને દોહી રહ્યાં હતા... સંસદ સભ્ય થઈને આમ ગાય દોહવા બેસી જવું એ પેલા ધનવાન મિત્ર માટે પચાવવું મુશ્કેલ હતું. એણે જરા ગુસ્સે થઈ લિંકનને કહ્યું, 'તમે આ શું કરી રહ્યા છો ? તમે કાયદાના મોટા નિષ્ણાત છો. હવે અમેરિકન સંસદના સભ્ય છો. અને આમ ગાય દોહવા બેસી ગયા છો આ કામ તો ભરવાડનું છે.'

આમ છતાં લિંકને ગાય દોહવાનું ચાલુ રાખતા મિત્રને કહ્યું, 'આશ્ચર્ય અને આઘાતની લાગણી તો મને થવી જોઈએ કે તમે મારા નાનપણના મિત્ર છો. અને તમે આવી વાત કરી રહ્યાં છો. કોઈ કામ મોટું નથી હોતું કે કોઈ કામ બલકું નથી હોતું. આપણે ઘણા કામ જાતે કરવાને બદલે બીજાને સોંપીએ છીએ કારણ કે આ કામને આપણે હલકું કે ઉતરતી કક્ષાનું ગણીએ છીએ. ખરેખર તો એવું માનાનારા માણસના વિચાર ઊતરતી કક્ષાના કહેવાય કે જે વિચારે છે કે અમુક કામ હલકું છે અને એ આપણાથી ન થાય.'

લિંકનની વાત સાંભળી તેમને મળવા આવેલ મિત્રની બોલતી બંધ થઈ ગઈ.

# પાંચ રાજયોની ચૂંટણી બંને પક્ષે પડકાર

તંત્રીસ્થાનેથી...

પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ બધા રાજકીય પક્ષો સાબદા બની ગયા છે. આ ચૂંટણી આગામી લોકસભાની ચૂંટણીની પૂર્વ પીઠિકા બની રહેવાની છે. ભાજપ માટે મોદી-શાહની ચંદ્રગુપ્ત-ચાણક્ય જેવી જુગલબંધી માટે આ વજૂદ ટકાવવાનો તકાજો છે તો વળી કોંગ્રેસ અને વિપક્ષો માટે એ ગઠબંધનની કસોટી ઉપરાંત પોતપોતાની હેસિયત બતાવવાની તક પણ છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા વસતિ અને વિસ્તારની દષ્ટિએ મોટાં રાજયોમાં કોંગ્રેસ માટે ઊજળી તકો ઊભી થઈ છે. છત્તીસગઢ મૂળે તો મધ્યપ્રદેસનો જ ભાગ હતું, ત્યાં છેલ્લા ઘણા વર્ષોથી ડૉ. રમણસિંહના નેતૃત્વ હેઠળ ભાજપનો દબદબો છે. મધ્યપ્રદેશ તો ભારતની હૃદયસ્થળી છે. અહીં ક્યારેક કોંગ્રેસની ભારે વર્ચસ્વ હતું પરંતુ એ પણ સાચું કે છેલ્લી ત્રણ ટર્મથી અહીં શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વ હેઠળ ભાજપનું રાજ પ્રસ્થાપિત થયેલું છે. રાજસ્થાનમાં કોંગ્રેસ-ભાજપની સંતાકૂકડી ચાલતી રહી છે. ભૈરોંસિંહ શેખાવતની વિદાય પછી રાજસ્થાનમાં ભાજપના કદાવર નેતા જસવંતસિંહને પાર્ટીએ હાંસિયે ધકેલી દીધા હતા. ધોલપુરના મહારાણી વસુંધરા રાજેને રાજસ્થાનનું સામ્રાજય સોનાની તાસકમાં ધરી દેવા પાછળ એમનાં દિવંગત માતા અને ભાજપનાં સ્થાપક સદસ્યા વિજયા રાજે સિંધિયાનું પુણ્ય પડેલું છે. વસુંધરા, મોદી, શિવરાજ કે રમણસિંહ જેવાં લોકનેતા નથી. એ રાજવંશી મહિલા કોંગ્રેસની વિરુદ્ધના નેગેટિવ વોટ પર રાજ કરે છે. અશોક ગહલોત જેવા કુશળ રાજનેતા કોંગ્રેસ પાસે છે, પરંતુ ધર્મ-સંપ્રદાય કે રાષ્ટ્રવાદના મુદ્દે કોંગ્રેસ વારંવાર પછડાટ ખાતી રહી છે. મોદીની ગુડબુકમાં નહીં હોવા છતાં રાજસ્થાનમાં રાણી વગર ભાજપનું ગાડું ગબડી શકે એમ નથી. આ વખતે ભાજપ માટે સીધાં ચઢાણ છે. અનેક મ્યુનિસિપાલિટીઓ ભાજપ ગુમાવી ચૂક્યું છે. વારા પછી વારો, તારા પછી મારો - એ રૂએ પણ હવે કોંગ્રેસનો વારો છે. રાજસ્થાનમાં લોકસભાની તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ હતી, અત્યારે વસુંધરાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે. સવિશેષ સાબરકાંઠાના ઢૂંઢર ગામે બાળકી સાથેના ધૃણાસ્પદ દુષ્કર્મની બનેલી ઘટના પછી ગુજરાતમાં પરપ્રાંતીય નાગરિકો વિરુદ્ધ ફાટી નીકળેલાં આક્રોશને કારણે રાજસ્થાનથી ગુજરાતમાં આવી રોજી રળતા પરિવારોમાં ફફડાટ વ્યાપ્યો છે. ગુજરાત નરેન્દ્ર મોદીનું રાજય, એ ભાજપના સર્વોચ્ચ નેતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ગુજરાતી. પરપ્રાંતીયોને રક્ષણ આપવાનામાં નબળા પડેલા ભાજપ સામે બદલો લેવાની ભાવના ગુજરાત બહાર પ્રબળ બનતી જાય છે. એના પડઘા રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ચૂંટણી સંદર્ભે ન પડે તો જ નવાઈ. ગુસ્સે થયેલી પરપ્રાંતીય, સવિશેષ હિંદી બેલ્ટની પ્રજાનો રોષ સોશિયલ મીડિયા પર વ્યક્ત થવા લાગ્યો છે. 'ગુજરાતમાંથી અમને ભગાડો છો ને ? ભલે, અમે દિલ્હીથી મોદીને ભગાડીશું !' - આ છે પ્રજાકીય આક્રોશ. વિકાસનો મુદ્દો હાંસિયે ધકેલાઈ ચૂક્યો છે. મોંઘવારી, રાફેલ ડીલ અને મધ્યપ્રદેશ સંદર્ભે બહુચર્ચિ વ્યાપમં કૌભાંડ જેવા મુદ્દા ભાજપને ભારે પડી શકે એમ છે. ભાજપને 'ડિવાઈડ એન્ડ રુલ' વાળી અંગ્રેજોની રાજનીતિ કોઠે પડી ગયેલી છે. માયાવતીના ઉમેદવારો કોંગ્રેસને જેટલું નુકશાન પહોંચાડી શકે છે એટલો ભાજપનો ફાયદો. માયાવતી ભાજપ ખાતર પોતાની આબરૂ હોડમાં મૂકવા હરહંમેશ તૈયાર જ હોય છે.

# સ્ત્રીશક્તિની સંકલ્પશક્તિનાં અજવાળાં



અજવાળું - અજવાળું
તુષાર જોશી

તોરલને શહેર બદલાયેલું લાગતું હતું, નવા નવા બ્રિજ, નવા નવા બિલ્ડીંગો, કોર્પોરેટ હાઉસ અને ઠેર ઠેર વિકસેલા ફૂડઝોન. જાણે નગરચર્યાએ નીકળ્યા હોય એમ એ કારને ડ્રાઈવ કરી રહી હતી.

અલબત્ત ટ્રાફિક બહુ જ હતો, કારણ કે નવરાત્રીની રાત હતી. ખુલ્લા-મોટા મેદાનોમાં અને પાર્ટીપ્લોટોમાં ભવ્ય સ્ટેજ, કાન ફાડી નાખે એવી અતિ આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને ચકાચૌંધ રોસની આકર્ષતા હતા, જોનારને... બાજુમાં બેઠેલી સખી ત્રિશલાએ કહ્યું, 'યાર, આ શહેરમાં ગરબાનો સખત ક્રેઝ છે હોં !!! અહીંની નવરાત્રી જોયા બાદ લાગ્યું કે એકવાર તો માણસે અહીં ગરબા જોવા અને રમવા આવવું જ જોઈએ....' 'અરે હજી, તો તને બીજા શહેરોની ગરબાની રમઝટ પણ બતાવવી છે.' તોરલે જવાબ આપ્યો, ને ઉમેર્યું, 'તને એક વાત કહું, આ શહેરની નવરાત્રીએ મને શીખવ્યું છે કે કશુંક છુટી જાય, એક દ્વાર બંધ થાય ત્યારે ઈશ્વર, તમને બીજા દ્વાર તરફ દોરે છે.'

'એટલે, એટલે, કોઈ દોસ્ત મળ્યો ને પછી જતો રહ્યો એના સ્મરમો છે ? ત્રીશલાએ ચીંટીયો ભરતા હસતા હસતા કહ્યું.'

'ના રે ના, સાચો દોસ્ત મળ્યો છે એની નિર્મળ, દોસ્તી તો આજેય અકબંધ છે, કાલે તને મળશે એ... એમ કહી તોરલે ત્રિશલાને એક ગરબાનું મેદાન બતાવ્યું.... ને કહ્યું, 'આ સ્થળે મને ઘણું શીખવ્યું છે.'

વાત તોરલના અભ્યાસકાળ સુધી લઈ જાય છે. પિતા અને માતા બંનેના પક્ષેથી સાહિત્ય-સંગીતના-ચિત્રામના અને લોકજીવનના ઉત્તમ સંસ્કારો સાથે એનો ઉછેર થયો... સ્કૂલ-કૉલેજ કક્ષાએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં એ ભાગ લે અને પરિણામ જાહેર થવાનો સમય આવે એટલે ઓડિયન્સ જ એના પરફોર્મન્સથી એટલું પ્રભાવિત હોય કે બધા એકી અવાજે એનું નામ બોલે ! અને ઈનામ એના ફાળે જ હોય... ઉદ્ધતાઈ નહિ - ગરવાઈ, ગંભીર નહિ - હસમુખુ વ્યક્તિત્વ, શાલીનતા અને સહજતાથી સભર સ્વભાવના કારણે મિત્રોમાં પણ લોકપ્રિય.

કૉલેજમા ભણવાનું પુરુ થયા બાદ પણ તોરલે ગરબાની અને અન્ય સ્ટેજની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. બધા સાથે મળીને ખૂબ મહેનત કરે અને હંમેશા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રહે... અભ્યાસમાં કોમ્પ્યુટર એન્જીયર તરીકે પણ એ એટલી જ હોંશિયાર એટલે જોબ પણ તુરંત મળી ગઈ.

એકવાર એવું થયું કે એક સંસ્થાના આયોજનમાં સતત એનું ગ્રુપ પાંચ વાર પ્રથમ ક્રમે રહ્યું... છટ્ટા વર્ષે પણ એના ગ્રુપનું પરફોર્મન્સ દમામદાર જ રહ્યું... બધા કહેતા હતા કે આ વરસે પણ એના ગ્રુપનો જ નંબર આવશે. અને કોઈક અકળ કારણોસર એના ગ્રુપનો નંબર પ્રથમ ત્રણમાં પણ ન આવ્યો... એ બહુ રડી - ભાંડી પડી - મિત્રોએ સમજાવી... પણ એમે એ જ રાત્રે મનોમન સંકલ્પ કર્યો... શહેર છોડીને બેંગ્લોર નોકરી અર્થે શિફટ થઈ ગઈ. આજે નવરાત્રીના સમયે ફરી એકવાર ત્યાંથી પસાર થઈ ત્યારે એને યાદ આવ્યું કે, 'કલાકાર હો તો માત્ર ગુણવત્તા જ ધ્યાને ન પણ લેખાય, એટલે પ્રથમ કે દસમાં ક્રમાંકથી વિચલિત થવું નહિ અને થઈએ તો દિશા બદલવી.'

તોરલે દિશા બદલવી નાખી, સ્ટેજની પ્રવૃત્તિ જ છોડી દીધી. નવી દિશામાં નવું કામ મળ્યું - ઉત્સાહથી કર્યું... વધુ આનંદ થયો...

નવરાત્રીમાં નવ દિવસ ગુજરાતના શહેરોમાં યોજાતા. પ્રાચીન - અર્વાચીન પાર્ટી પ્લોટના ગરબા, વિવિધ સંસ્થાઓ દ્વારા સ્પર્ધા વિના યોજાતા સ્ટેજના ગરબાના કાર્યક્રમો, હુડો - ઉલાળીયો - નગારુ - મંજીરા - વિવિધ રાસ - વિવિધ પ્રકારના ગરબા... બધું બધું તોરલે એની સખી સથે પોતે આ ક્ષેત્રમાં વર્ષો કાઢ્યા છે એની પ્રતીતિ વિના માન ભરીને માણ્યું... દશેરા પછી બેંગ્લોડર જતા ત્રિશલાએ પુછ્યું, 'આવતા વરસે ફરી સ્ટેજ પર પ્રવેશ કરવો છે મેડમ ?' 'મારા બાળકોને જરૂર નવરાત્રીના સેવા-પૂજા-ઘટ સ્થાપન ને ગરબાનું કલ્ચર આપીશ, ગરબા રમીશ,માણીશ પણ કોમ્પીટીશન કયારેય નહિ...'

આવું કોઈ વ્યક્તિત્વ નવરાત્રી આવે ત્યારે સ્મરણપટ પર ઉતરી આવે અને ત્યારે ગરબાની અજવાળાની સાથે સ્ત્રી શક્તિમાં રહેલી સંકલ્પશક્તિનું અજવાળું રેલાય છે.

# હસે છે લોક એને જોઈ, કિન્તુ કયાં તમા એને ? આ એના તોરમાં 'ઘાયલ દિવાનો જાય છે ચાલ્યો



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એક થોડી દાડી વધારેલો, વધી ગયેલા વાળવાળો, થોડો શ્યામવર્ણો યુવાન ચહેરા પર થાક, અને હતાશાની કરચલીઓ લઈને ભરચક ટ્રેનમાં માંડ માંડ બારણાની આડસ પકડીને ઊભો છે, એટલામાં ટ્રેનમાં એક ઝટકો આવે છે અને તેનો હાથ આગળવાળઆ સુટેડ-બુટેડ ઑફિસર જેવી લાગતી વ્યક્તિ સાથે ભટકાય છે, તે સુટેડ-બુટેડ વ્યક્તિ તુમાખીથી તેની સામે જુએ છે, અને 'યુ સ્ટુપીડ' તાડુકે છે! પેલો શ્યામવર્ણી વ્યક્તિ જે મનથી અને વસ્ત્રથી ચીમળાઈ ગયેલો છે, તે આજીજી ભર્યા સૂરે કહે છે કે, ઈરાદાપૂર્વક મેં આમ કર્યું નથી, અને હું તો મારું પર્સ કાઢવાનો પ્રયત્ન કરતો હતો. પરંતુ આવી કઈ વાત ન સાંભળીને તે સુટ-બુટધારી વ્યક્તિ ફરી એકવાર અપશબ્દ બોલીનો પોતાની બેગ અને પેન્ટના પૉકેટમાં રાખેલ પર્સ ચૅક કરી લે છે. તે શ્યામવર્ણી યુવકને ખૂબ માઠું લાગે છે. વગર ટિકટે નીચે બેઠેલ ભિખારી, ટપોરી જેવા લાગતા બીજા લોફર જવાનીયાઓ બધા તેની પર આ સંદર્ભે હસે છે... અધુરામાં પૂરુ સ્ટેશન પર ઊતરીને બહાર નીકળથી વખતે ટિકિત ચેકર તેને રોકે છે. ટિકિટ માગે છે, જયારે તેની જ બાજુમાંથી પેલો વગર ટિકિટે બેઠેક ભિખારી વટથી નીકળી જાય છે.

રોડ પર એક ટેક્સીને અઢેલીને તે કટિંક ચા પીતો ઊભો હોય છે, અને ટેક્સી ડ્રાઈવર પણ તેની જ બાજુમાં ચા પીતો હોય છે, તેવામાં જ એક યુવતી આવીને તે મન અને વસ્ત્રથી ચીમળાયેલા યુવકને કહે છે કે - 'બાંદ્રા ચલોગે ભૈયા !' પેલો યુવાન ખૂબ જ દ્રવિત થઈ જાય છે. ઘરે આવીને દર્પણમાં પોતાને ધારી-ધારીને જુએ છે, અને તેની સાથે બનેલી દિવસભરની ઘટનાઓને યાદ કરે છે.

અને મનમાં ને મનમાં હીણપત અનુભવે છે, શા માટે તેને જ બધા અપમાનિત કરે છે? તેવો વિચાર કરીને આત્મવંચના અનુભવે છે.

બીજા દિવસે ફરી એ જ ક્રમ તે લોકક ટ્રેનની હડકેઠઠમાં તે મનઝૂરાપાવાળો યુવાન ઊભો છે, ગઈકાલે તેની સાથે બેઠેલો અદલ તેના જેવો જ પ્રસંગ તેની બાજુમાં ઊભા રહેલા યુવાન સાથે થાય છે, તે પણ દેખાવો ઘણો સાધારણ છે. જાણે ગઈકાલની ઘટના પુનઃ પ્રસારિત થતી હોય તેમ, તેવી જ રીતે તેની પાસે ઊભેલા યુવક સાથે ઘટના બને છે. તેની આગળ ઉભેલી સુટબુટધારી વ્યક્તિ પાછળ ઊભેલા નિર્દોષ પરંતુ પરિસ્થિતિજન્ય આફતગ્રસ્ત બનેલ યુવાનને અપશબ્દો કહે છે, આપણા આ કથાનકનું મુખ્યપાત્ર એવા મન અને વસ્ત્રથી કરચલી પડી ગઈ છે તેવા યુવાનને આ આખા પ્રસંગ પર હસવું આવે છે, કંઈક અનોખા પ્રકારની શાતા વળે છે. અને આજે આ આખો પ્રસંગ જેની સાથે બન્યો છે તે યુવાનને આશ્વાસન આપવા તે તેની પાસે જાય છે, આશ્ચર્યજનક બાબત એ છે કે તે ભોગ બનનાર વ્યક્તિ તો ખૂબ જ સ્વસ્થ છે, અને હસી રહી છે. હતાશા જેને ઘેરી વળી છે તે યુવાન જે પોતાને અપશકુનિયાળ જ માનતો હોય છે, તે યુવાન પૂછે છે કે 'ભાઈ તને અપશબ્દો સાંભળીને ખોટું લાગ્યું ને ?' અને તે યુવક જણાવે છે કે - ના રે ના ! ખોટું શેનુ લાગે અપશબ્દ બોલનાર આ સૂટબૂટધારી વ્યક્તિ તો મને ઘાટકોબરથી જ ઓળખે છે, જયારે હું પોતે તો મારી જાતને છેલ્લા બાવીસ વર્ષથી ઓળખું છું.'

અત્યાર સુધીનું આ લખાણ જે તમે વાંચ્યુ તે એક શોર્ટ વીડિયોરૂપે ઈન્ટરનેટ પર બે દિવસ પહેલા જોયો હતો... આશરે ૭ કે ૮ મિનિટની આ શોર્ટ ક્લિપ કેટલું બધું ઊડું ચિંતન આપી જાય છે ?

આપણી લડાઈ બહાર છે જ નહીં આપણી 'સ્વ' સાથેની જ છે. આપણે સતત પોતાની જાત માટે ઉપર ઉઠવાનું છે, કોઈ બીજા માટે નહીં અને નહીં જ. આપણાથી વધુ ભલા બીજું કોઈ આપણને શું ઓળખી શકવાનું છે? જયારે આપણે કોઈ તૃતીયમ વ્યક્તિ કેમ ઓળખી શકતું નથીની પળોજણમાં પડીને દુઃખી થતા રહીએ છીએ...

ફૅસબુક પર મારી પોસ્ટને કોઈ 'લાઈક' કે 'કમેન્ટ' કેમ નથી મળી તેની પણ હતાશા ઘેરી વળે છે, સોસાયટીની મિટીંગમાં મારું સૂચન કેમ સાંભળવામાં નથી આવતું, કૉલેજના મિત્રોના ગૃપમાં શા માટે મારી વાત ઉડાડી દેવામાં આવે છે! 'હું શા માટે કોઈને 'કન્વિન્સ' - સંમત નથી કરી શકતી અથવા નથી કરી શકતો !'

સાવ ક્ષુલ્લક લાગે તેવી વાતોમાં આપણે આપણા મનને એટલું બધું ક્ષુબ્ધ કરી દઈએ છીએ કે, પછી પાછા કોઈ વખત ઉપર ઉઠવાનું યાદ આવતું નથી. આપણા મનની શાંતિ હણવાનો અધિકાર કોઈ બહારની વ્યક્તિને તો કેમ આપી શકાય ? ન જ અપાય.

તેમાં પણ અહીં સ્નેહી સ્વજનોની આહત થયેલા મનની વાત નથી, પરંતુ એવી વ્યક્તિઓની વાત છે જેનું આપણા જીવનમાં સ્થાન જ નથી, હજી માંડ બે ઘડીઓ સંગ છે, તેવા સાવ અજાણ માણસોના વર્તનથી દુઃખી થવું એ તો નરી મુર્ખામી છે, રસ્તામાં ચાલ્યા જતા હોઈએ, વાહન પર હોઈએ અને આપણા વગર કોઈ વાંકે જ રાહદારી આપણી સાથે ઝઘડો કરી બેસે અથવા દલીલ કરી દે તો આપણે પાછા આવી નગણ્ય વાતોને હસી નથી નાંખતા., કાર પાર્ક કરવાની જગ્યા બાબતે રકઝક થાય અને તે રકઝકની અસરથી ગ્રસ્ત મન સાથે આપણે ઘરમાં બાળકો સાથેના વ્યવહાર પર પડે, એ તો કયાંથી ચાલે !

આપણી માટે મહત્ત્વનું કોણ છે ? સાવ અજાણી એવી પેલી વ્યક્તિ કે જે આપણને કોઈ કટુવચન કહી દે છે, તે કે પછી આપણી સ્વયંની જાત કે જેની જાણકારી સ્વાભવિક પણે આપણને બીજાથી વધુ હોય જ.

આપણે આપણી આસપાસના સાવ તુચ્છ લોકો અને પ્રસંગોને જાણે અજાણે આપણા જીવનમાં એટલું બધુ મહત્ત્વ આપી દઈએ છીએ કે તેનો તુચ્છ અભિપ્રાય આપણી માટે ખૂબ જ મહત્ત્વનો બનાવી દઈને, અંદર ને અંદર ડૂમમાતા રહીને જાતને દુઃખી કરે રાખીએ છીએ... આપણે શ્રેષ્ઠ છીએ અને આપણાથી બીજું કોઈ પણ આપણી વિશે ટીકા-ટીપ્પણી કરવા સમર્થ નથી તે સનાતન સત્ય સ્વીકારીને જ આગળ ચાલીએ તેમા જ આપણી ભલાઈ છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# મારે શું અને મારું શુંની ભાવનામાંથી બહાર આવવુ પડે



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ઓકટોબર, તારીખ ૨ ગાંધીબાપુના તાજેતાજા હેપ્પીવાલા બર્થડેના દિવસના બે પ્રસંગો માનસપટ પરથી કેમેય કરીને ખસતા જ નથી. સવારનો સૂરજ ઉગતાં જ કેટલાક લોકોએ ગાંધીજીને યાદ કરીને ઈસ્ત્રી ટાઈટ ખાદીના કપડાં પહેરીને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' જેવા ભજનો ગાયા અને ઘણાં બધાંએ તલ્લીન થઈને આ ભજનો સાંભળ્યાં. આ સીન શહેરના મોટા ભાગના જાહેર સ્થળોએ સવારના ફેઝમાં જોવા મળ્યો.

બરાબર આઠ-દસ કલાક પછી સાંજે નવ-સાડા નવના સુમારે શહેરના હૃદયસમા વિસ્તાર સેન્ટ્રલ વિસ્ટાના ટાઉનહોલ તરફના પ્રવેશદ્વાર પાસે બે ચમચમાતી લકઝુરીયસ કારમાંથી કેટલાક યુવાનો હાથમાં મોટા પેક્ટ્સ અને બેવરેજીસના ટીન લઈને ઉતરી પડ્યા. ઉભી રહેલી બન્ને કારમાંથી ખૂબ લાઉડ પોપ મ્યુઝીક વાગતું હતુ. આ ગ્રુપમાં ચારેક યુવાન છોકરીઓ પણ હતી. જીન્સ, ટી-શર્ટ અને શોર્ટસ જેવા આધુનિક વસ્ત્રોમાં સજ્જ આ યુવક-યુવતીઓએ સેન્ટ્રલ વિસ્ટાના ગેટની બાજુની સરસ મજાની પોર્ચ જેવી ખુલ્લી જગ્યામાં એમની સાથે લાવેલા પેકેટો ધડાધડ ખોલવા માંડ્યા.

આ વૃંદના એક યુવાન મિત્રનો ગાંધી જયંતિના દિવસે જ બર્થ-ડે હતો. બધા મિત્રો એના બર્થ-ડેના સેલિબ્રેશન માટે કેક, પીત્ઝા, પેપ્સી ટીન વગેરે લઈને આવ્યા હતા. નાચતાં ગાતાં કેકનું કટીંગ કર્યું અને મન મુકીને બધાએ કેક, પીત્ઝા, સેન્ડવીચીઝ અને પેપ્સીની જ્યાફત ઉડાવી. એક-બે કલાક ધીંગા મસ્તી કરીને યુવાનોનું આ ગ્રુપ ગાડીઓને સેલ મારતુંકને ફુરર કરતું ઉડી ગયું. અને પાછળ રહ્યાં કેક, પીત્ઝા, સેન્ડવીચીઝના ખોખા, પેપ્સીના ખાલી ટીન અને મસ્તીમાં ઉડાડેલાં ખાદ્ય સામગ્રીના ટુકડાં... સો-દોઢસો મીટર વિસ્તાર દોઢ-બે કલાક પહેલાં ચોખ્ખો ચણક હતો તે હવે ગંદો, ભદ્દો અને વરવો લાગતો.

આ એજ જગા છે જ્યાંથી હાર્ડલી બસો ત્રણસો મીટરના અંતરે વિધાનસભાની સામે ગાંધીજીની વિશાળ પ્રતિમા છે. અને સોએક મીટરના અંતરે આંબેડકરજી અને સરદાર સાહેબનુ સ્ટેચ્યુ છે. જો કે, પ્રતિમા હોય કે ન હોય સ્વચ્છતા અને સંસ્કાર એ સ્વાભાવિક રીતે સ્વભાવમાં વણી લેવાની બાબત છે. ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી એટલા માટે હતા કે, સ્વચ્છતાનો સીધો સંબંધ આરોગ્ય અને જનસુખાકારીના વિકાસના પરિમાણો સાથે છે. બાપુએ ખૂબ દીર્ઘદ્રષ્ટિપૂર્વક સ્વચ્છતાને આઝાદીની લડત સાથે જોડીને એને સૌથી અગ્ર હરોળમાં મૂકીને જનતાના હૃદયમાં ઊંડે સુધી ઉતારવા માટેનો એક મહત્વપૂર્ણ મુદ્દો બનાવ્યો હતો.

આજે ગુજરાતના બીજા એક દીર્ઘદ્રષ્ટા સપૂત અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રભરમાં સ્વચ્છતાની ઝૂંબેશ આરંભી છે ત્યારે મનમાં સહેજે વિચાર ઉદભવે કે, આઝાદીના સાત-સાત દાયકાઓ પછી પણ પ્રધાનમંત્રીશ્રીને સ્વચ્છતા માટે દેશમાં ઝૂંબેશ ચલાવવી પડે ! વર્તમાન સમાજ માટે આ એક વિચારવા જેવી બાબત નથી ? શું સ્વચ્છતા માત્ર સરકારની જ જવાબદારી હોય ? દેશના નાગરિકો તરીકે સૌ કોઈની આ ફરજ ન હોવી જોઈએ ? આઝાદી પછી કદાચ દેશમાં પહેલીવાર કોઈ પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છતા માટે અભિયાન ઉપાડીને સંન્નિષ્ઠ પ્રયાસનો ઉપક્રમ આરંભ્યો હશે. સ્વચ્છતા અભિયાન સરકારી છે અને સરકાર એ ચલાવશે એવી વિચિત્ર પ્રકારની માનસિકતામાંથી લોકોએ બહાર આવી જવું પડશે.

પ્રસંગનો આનંદ ચોક્કસ હોય અને આનંદ કરવો જ જોઈએ. જાહેર સ્થળોએ ભાઈબંધ દોસ્તારો સાથે મળીને મોજમજા અને મસ્તી કરવી જ જોઈએ અને જીવનનો સાચો આનંદ પણ મિત્રો સાથે મોજમાંથી જ ટપકતો હોય છે, પરંતુ સ્વચ્છતાની ગરીમા જળવાય અને મોજ થાય તો તેનો અર્થ સરે. સેન્ટ્રલ વીસ્ટાના ગેટ પાસેનો કચરો જોઈને બીજા દિવસે મૉર્નિંગ વોકમાં આવેલા એક સજ્જને હૈયા વરાળ કાઢતાં એમના મિત્રને કહ્યું, 'આ છોકરાઓ એમના ઘરમાં પણ આમ જ ગંદકી કરતાં હશે ને ?' એમના મિત્રએ કહ્યું, 'આ લોકો બિલકુલ સંસ્કારહીન છે, કંઈ સમજ જ નથી...' આમ બબડતાં બન્ને સજ્જનોએ મૉર્નિંગ વોક માટે ચાલતી પકડી. અહીં સમજવાની વાત એ છે કે, યુવાનોને ભાંડીને ચાલતી પકડવાની જગ્યાએ આ બે સદગૃહસ્થોએ ગેટવાળી જગાએ પડેલો કચરો એકઠો કરી ટોપલીમાં નાખ્યો હોત તો તેમની ટીકા લેખે લાગી હોત. સો વાતની એક વાત એ છે કે, સ્વચ્છતા પ્રતિ જાગૃતિ કેળવાય તેમજ કોઈએ કરેલી ગંદકીને હસતા મોંએ સાફ કરવાની માનસિકતા પણ કેળવાય એ જરૂરી છે.

રસ્તા સાફ કરવા એ તો સરકારનું કામ છે, પાર્ક-ગાર્ડનમાં ગંદકી દૂર કરવી એ સરકારે જોવાનું, સરકારી માલ-મિલકતોમાં ચોખ્ખાઈ એ સરકારની ફરજ છે... આવા બેઢંગા ખ્યાલો લઈને ક્યાં સુધી ચાલ્યા કરવાનું ? 'સુખનું સ્ટેશન' પુસ્તકનો એક પ્રસંગ યાદ આવે છે. મેકસિકોના નિર્જન દરિયા કિનારે એક વ્યક્તિ ચાલતો જતો હતો. તેની નજર દૂર એક વ્યક્તિ ઉપર પડી. આ વ્યક્તિ વારે ઘડીએ નીચો નમીને કશુક ખોબામાં ભરીને દરિયામાં નાખતો હતો. આ વ્યક્તિને કુતુહલ થયું. નજીક જઈને તેણે જોયુ તો એક મેક્સિકન ખોબામાં સ્ટાર ફીશને ઉંચકીને દરિયામાં નાખી રહ્યો હતો. આ વ્યક્તિએ મેક્સિકનને પૂછ્યું 'દોસ્ત, આ શું કરી રહ્યો છે ?' ત્યારે પેલા મેક્સિકને જવાબ આપ્યો, 'અત્યારે ઓટનો સમય છે અને દરિયામાંથી તણાઈ આવેલી સ્ટાર ફીશને પાછી પાણીમાં નહીં નાખું તો એ બચી નહીં શકે ? ' આ જવાબ સાંભળીને પેલા વ્યક્તિને આશ્ચર્ય થયું એણે કહ્યું કે, 'હજારો સ્ટારફીશ તણાઈને આવી છે એમાં થોડી ઘણી સમુદ્રમાં પાછી નાખવાથી શો ફેર પડશે ? ' ત્યારે પેલા મેક્સિકન સજ્જને એ વ્યક્તિની સામે જ વધુ એક સ્ટાર ફીશને દરિયામાં નાખીને કહ્યું 'આ એકનો તો ફેર પડશે ને...' સ્વચ્છતાની બાબતમાં પણ આવી સ્પીરીટ ડેવલપ થવી જોઈએ. ગાંધીજી અને પ્રધાનમંત્રીજીએ તો સ્વચ્છતાની ચેતના જગાવી આપી. પણ એને વધુ પ્રજ્જવલિત કરી સ્વભાવમાં વણવાની જવાબદારી પ્રત્યેક ભારતવાસીની છે.

નિયમો બનાવી એની કડક અમલવારી થાય ત્યાં સુધી ધકેલપંચા દોઢસો ચલાવ્યે જવાની આપણી માનસિકતા હોય છે. મારે શું ? અને મારું શું ?ની ભાવનામાંથી બહાર આવવુ પડે. જાહેર સ્થાન અને માર્ગો ઉપર કાગળ, કચરો, થુંકીને કે પાનની પીચકારી મારી ગંદકી કરનારને રૂ. ૧૦,૦૦૦નો દંડ અને છ મહિનાની સખત કેદની સજા જેવો કાનૂન બને અને એનો કડક અમલ થાય પછી જ સ્વચ્છ ભારત બની શકે ?

વધતી જતી વસતી ચોક્કસ સમસ્યા છે ? પણ આ જ સવાસો કરોડ ઉપરાંતની વસતી સ્વચ્છતા માટેની નાની-નાની બાબતો સ્વયં શિસ્તથી અપનાવે તો ' અભિશાપ ' ' આશીર્વાદ ' બની જાય. ' શેરી વળાવી સજ્જ કરુ, ઘેર આવો ને, આંગણીએ ફૂલ વેરું, મારે ઘેર આવોને....' જેવા અનેક આપણાં લોકગીતો અને શાસ્ત્રોમાં સ્વચ્છતાનો મહિમા ગવાયો છે. સ્વચ્છતાના ઉપદેશો અને સંદેશાઓ, પુસ્તકો-શાસ્ત્રો કે ધર્મગ્રંથોના પાને અને ગુરુઓના મુખે હોય એના કરતાં જનજનના સ્વભાવમાં હોય એની પરિણામલક્ષિતા વધુ હોય છે. માનસિક, શારીરિક, બૌદ્ધિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં સ્વચ્છતાની સમજ વધે તો એના નક્કર પરિણામો મળે.

જહાંગીર રતનજી દાદાભાઈ ટાટા કહેતાં કે, સ્વચ્છતાની પરિભાષા એ મનની પવિત્રતા છે. દેશને સાફ-સુથરો રાખવાની જવાબદારી માત્ર સફાઈ કર્મચારીઓની નથી. જેમ મારું ઘર અને મારું આંગણું ચોખ્ખું રાખવાની માનસિકતા હોય છે. એવી જ લાગણી આગળ વધારીને મારું રાજ્ય, મારો દેશ સ્વચ્છ હોય એ માટેની મારી સંપૂર્ણ જવાબદારી છે, એવી ભાવના પ્રત્યેક દેશવાસીના મનમાં વિકસિત થાય ત્યારે ૩૬૦ ડિગ્રીએ બદલાવ આવે. ગાંધીજી તો ત્યાં સુધી કહેતાં કે, સ્વચ્છતા ન રાખવાની બાબત એ એક મહાન પાપ છે. ગંદકી ફેલાવવા માટે હંમેશા તૈયાર રહેવું એના કરતાં સ્વચ્છતા માટે સજ્જતા કેળવાય અને તત્પરતા રહ ત્યારે સમજવું કે હવે સાચી દિશા પકડાઈ છે.

ધબકાર :
દુનિયાને ગંદી કહેતા પહેલાં પોતાના ચશ્મા સાફ કરી લો.